RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 213 Date: 24.05.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# જ્યાં સુધી કોંગ્રેસ સત્તામાં હતી ત્યાં સુધી તેણે રામ મંદિરનું નિર્માણ થવા દીધું ન હતું : વડાપ્રધાન



ચંડીગઢ,તા.૨૩

હરિયાણામાં લોકસભા ચૂંટણી માટે પ્રચારનો આજે છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહેન્દ્રગઢમાં બાબા જયરામદાસની તપોભૂમિ પાલી ગામમાં ભાજપની વિજય સંકલ્પ રેલીમાં પહોંચ્યા હતા અને રેલીને સંબોધી હતી પીએમ મોદીએ કહ્યું- હું ગુરુગ્રામના યુવાનોને પણ કહેવા માંગુ છું કે આગામી ૫ વર્ષ આ દેશમાં એક મોટી ક્રાંતિનો સમય બનવાના છે. તમારા બધા સપના સાકાર થશે, કારણ કે તમારા સપના મોદીજીનો સંકલ્પ છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં અમે કોંગ્રેસના પાપ ધોવા માટે ખૂબ જ મહેનત કરી છે. આજે હરિયાણામાં આધુનિક હાઈવે અને એક્સપ્રેસ વે બનાવવામાં આવી રહ્યા છે. હવે ન તો દિલ્હી કે ચંદીગઢ દૂર છે.

હરિયાણાના ખેડૂતો પણ કોંગ્રેસના વિશ્વાસઘાતનો ભોગ બન્યા છે. અહીં કોંગ્રેસે ખેડૂતો માટે સિંચાઈના પાણીની પણ વ્યવસ્થા કરી નથી. અમે અહીં નહેરો જોડીને પાણી પહોંચાડીએ છીએ. અમારી સરકાર હરિયાણામાં એમએસપી પર ૧૪ પાક ખરીદી રહી છે. કોંગ્રેસે આપણા હરિયાણાને લૂંટવામાં કોઈ કસર છોડી ન હતી. મેં મારી આંખે જોયું છે કે કોંગ્રેસના સમયમાં હરિયાણાની શું હાલત હતી? જે મુખ્યમંત્રી બન્યા તે પોતાના જીલ્લાની બહાર જોયા નથી. એવો કોઈ વિસ્તાર નથી કે જેમાં લૂંટફાટ ખુલ્લી રમત ન હોય. નોકરી આપવાના નામે આ લોકો જમીનો વેચતા હતા. ટ્રાન્સફર અને પોસ્ટિંગનો ખુલ્લો ઉદ્યોગ હતો.કોંગ્રેસ ૧૦ વર્ષથી સત્તાથી દૂર છે, તેથી તે ખૂબ જ પરેશાન છે. કોંગ્રેસ માત્ર આપણી આસ્થાનું જ નહીં પરંતુ આપણા ત્રિરંગાનું પણ અપમાન કરે છે. ૭૦ વર્ષ સુધી કાશ્મીરમાં કોણે તિરંગો ફરકવા દીધો નથી? કોંગ્રેસ દ્વારા. આજે આ લોકો કહી રહ્યા છે... જો તેઓ સત્તામાં આવશે તો ફરીથી ૩૭૦ લાદશે.

તેમણે કહ્યું કે હરિયાણામાં રામ-રામ વગર કોઈ કામ થતું નથી. પરંતુ જો કોંગ્રેસ પાસે રસ્તો હોય તો તેણે હરિયાણામાં રામનું નામ લેનારાઓની ધરપકડ કરવી જોઈએ. કોંગ્રેસ આખા દેશમાંથી રામને હટાવવા માંગે છે. જ્યાં સુધી કોંગ્રેસ સત્તામાં હતી ત્યાં સુધી તેણે રામ મંદિરનું નિર્માણ થવા દીધું ન હતું. કોંગ્રેસે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો પણ બહિષ્કાર કર્યો હતો. હવે રાજકુમારના સલાહકારે વધુ એક મોટો ખુલાસો કર્યો છે કે કોંગ્રેસ સત્તામાં આવશે તો રામ મંદિરને તાળા મારવાની યોજના બનાવી રહી છે.

કોંગ્રેસ અને ભારતીય જનતા માટે તેમની વોટ બેંક દેશ કરતા મોટી છે. આ લોકોએ વોટ બેંક માટે દેશના ભાગલા પાડ્યા...એક ભારત અને બે મુસ્લિમ રાષ્ટ્રો બનાવ્યા. હવે ભારતીય લોકો કહી રહ્યા છે કે બાકીના ભારત પર પણ પહેલો અધિકાર મુસ્લિમોનો છે.

હું હરિયાણાના દરેક એસસી-એસટી અને ઓબીસીને ખાતરી આપવા આવ્યો છું કે જ્યાં સુધી મોદી જીવિત છે ત્યાં સુધી દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોનું આરક્ષણ કોઈ છીનવી નહીં શકે. પીએમે કહ્યું કે બંગાળમાં ભારતીય જમાતના લોકોએ મુસ્લિમોને ઓબીસી પ્રમાણપત્રો આપ્યા છે. જે અનામત ઓબીસીને મળવી જોઈતી હતી તે મુસ્લિમો અને ઘૂસણખોરોમાં વહેંચાઈ રહી હતી. હાઈકોર્ટે છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં બંગાળમાં મુસ્લિમોને આપવામાં આવેલા તમામ પ્રમાણપત્રો રદ કરી દીધા છે.

પીએમે કહ્યું કે તેમની (કોંગ્રેસ) સરકાર સાત જન્મમાં પણ બનવાની નથી. કોંગ્રેસને આપેલો વોટ વ્યર્થ જશે. તેથી તમારે સરકાર બનાવવા માટે મત આપવો પડશે અને કોની સરકાર બનવા જઈ રહી છે. દરેક બાળક જાણે છે કે કોની સરકાર બનશે. ૨૪મી ચૂંટણીમાં કોંગ્રેસનું સત્ય સમગ્ર દેશને ખબર પડી ગયું છે.

આ લોકોએ વોટ બેંક માટે દેશના ભાગલા પાડ્યા. એક ભારત અને બે મુસ્લિમ રાષ્ટ્રો બનાવ્યા. હવે તેઓ કહી રહ્યા છે કે બાકીના ભારત પર પણ પહેલો અધિકાર મુસ્લિમોનો છે. તેઓ બાબા સાહેબે એસસી-એસટી અને ઓબીસીને આપેલું આરક્ષણ છીનવીને જેહાદ કરી રહેલા લોકોને પોતાનો મત આપવા માંગે છે. તમે ગઈ કાલે અખબારોમાં જોયું હશે અને ટીવી પર જોયું હશે. બંગાળની હાઈકોર્ટનો ચુકાદો આવ્યો છે અને બંગાળમાં પણ એસસી એસટી આરક્ષણ વિરુદ્ધ ભારતીય જમાતની વિચારસરણીનો પર્દાફાશ થયો છે.

પીએમએ કહ્યું કે દેશની જનતાએ પહેલાથી જ ભારતીય જમાતના ઈરાદાઓને સમજી લીધા છે. જેના કારણે તેમની હાલત આવી થઈ ગઈ છે. ઈન્દી જમાતના ઢોલ માત્ર પાંચ તબક્કામાં જ ફૂટ્યા છે. ત્રીજા તબક્કા પછી તે રડવા લાગ્યો. ચૂંટણી પંચ આંકડા કેમ નથી આપતું? તે શા માટે ડેટા મોડું પ્રદાન કરે છે? ચૂંટણી પંચ આવું કેમ કરે છે? ઈફસ્માંથી બીજું શું બોલાયું તે ખબર નથી. આ વખતે તેઓ એટલી જ ઉગ્રતાથી ઈવીએમનો દુરુપયોગ કરી રહ્યા છે. જે જમીનમાં પાક

# મહુડી જૈન તીર્થનું ૧૩૦ કિલો સોનું ગાયબ, કોર્ટમાં અરજી દાખલ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગરનું પ્રખ્યાત ધાર્મિક સ્થળ એવા મહુડી જૈન તીર્થ વિવાદોમાં ઘેરાઈ ગયું છે. મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ જતાં વિવાદ થયો છે. ત્યારે હવે આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી અને આ અરજીમાં ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ જવાનો આરોપ લગાવતા ભારે વિવાદ થયો છે.

૧૦૦ વર્ષથી પ્રાચીન યાત્રાધામ મહુડી જૈન તીર્થ ફરી વિવાદમાં આવી ગયું છે. મહુડી જૈન તીર્થ મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ થઈ ગયું છે ત્યારે ટ્રસ્ટીઓએ મંદિરનું સોનું ગાયબ કર્યાના આરોપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં આરોપ લગાવાયો છે કે ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું ગાયબ છે અને તેના પાછળ કાર્યકારી ટ્રસ્ટી સહિતના લોકો જવાબદાર છે. ૧૩૦ કિલો સોનાની ઉચાપત વર્ષ ૨૦૧૨થી ૨૦૨૪ સુધીના સમયગાળામાં થઈ છે. જેથી ૨૦૧૨થી ૧૨ વર્ષના સમયગાળા દરમિયાન મંદિર ટ્રસ્ટના તમામ હિસાબોનું ઓડિટ કરવાની માંગ કરવામાં આવી છે. આટલું જ નહીં, ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજીમાં હાઈકોર્ટની દેખરેખમાં સરકાર દ્વારા તપાસ કમિટીની રચના કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

# રેકોર્ડ બ્રેક ગરમી સાથે ગાંધીનગર રાજ્યમાં ત્રીજા ક્રમે



સતત ચોથા દિવસે પણ નગરનું મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રીને પાર રહ્યું છે. તેમાં બુધવારે મહત્તમ તાપમાન ૪૫.૭ ડીગ્રીએ પહોંચતા સીઝનની રેકોર્ડ બ્રેક ગરમી નોંધાતા રાજ્યના સૌથી ગરમ શહેરોમાં ગાંધીનગરનો ત્રીજા ક્રમે સ્થાન યથાવત રહ્યું છે. જ્યારે સતત છ દિવસથી નગરનું લઘુત્તમ તાપમાન ૩૦ ડીગ્રીથી વધારે રહેતા રાત્રે પણ નગરવાસીઓને ગરમીમાંથી રાહત મળતી નથી. બુધવારે લઘુત્તમ તાપમાન ૩૧.૦ ડીગ્રી નોંધાતા રાજ્યમાં સૌથી ગરમ રાત્રીવાળા શહેરોમાં અમદાવાદ અને ગાંધીનગર પ્રથમ ક્રમે રહ્યું હતું.ચાલુ વર્ષે સૂર્યનારાયણ નગરવાસીઓની આકરી પરીક્ષા લઇ રહ્યા હોય તેમ સતત ચોથા દિવસે પણ નગરનો મહત્તમ તાપમાનનો પારો ૪૫ ડીગ્રીથી નીચે રહ્યો નથી. જોકે છેલ્લા એક સપ્તાહથી ગરમી તેનો અસલી મિજાજ બતાવી રહી છે. જેને પરિણામે સવારે ૯ વાગ્યાથી ગરમીથી બચવા માટે લોકો ઘરના બારી અને બારણાં બંધ કરી રહ્યા છે. અસહ્ય ગરમીને પગલે હવામાન વિભાગે આગામી તારીખ ૨૬મી, રવિવાર સુધી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જોકે સતત ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રીથી વધારે રહેતા રેડ એલર્ટમાં રાજ્યનું ગ્રીનસીટી આવે તેવી શક્યતા રહેલી છે. ત્યારે વધતી જતી ગરમીને પગલે સૌથી કપરી સ્થિતિ પશુ અને પક્ષીઓની બની રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ હાલમાં સુકા પવનો ફુંકાઇ રહ્યા છે. જે આગામી દિવસોમાં ચાલુ રહેવાથી ગરમી યથાવત રહેશે. ત્યારે ગરમીથી બચવા માટે લોકો પણ હવે બપોરેના સમયે ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. આથી નગરના માર્ગો ઉપર બપોરના સમયે વાહનોની અવર જવર પાંખી જોવા મળી રહી છે.

વધતી જતી ગરમીના પારાને પગલે એસી, પંખા અને કુલરો ઓવરટાઇમ કરી રહ્યા છે. જોકે બુધવારે સવાર વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા જેટલું ઉંચું નોંધાતા નગરવાસીઓ અસહ્ય ઉકળાટનો અનુભવ કરી રહ્યા હતા. જોકે સૂર્યનારાયણ આકાશમાં ભ્રમણ કરતા જ સાંજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૯ ટકા થઇ ગયું હતું. આથી ગરમીને કારણે માત્ર ૧૨ કલાકમાં જ ભેજના પ્રમાણમાં ૪૨ ટકાનો ઘટાડો નોંધાયો છે. આથી ગરમીને કારણે નગરનું વાતાવરણ સાંજ સુધીમાં શુષ્ક બની જતા ભેજનું પ્રમાણ સાંજે ૧૯ ટકાએ આવી ગયું હતું.હવામાન વિભાગે આગાહી કરી છે કે હાલમાં પડી રહેલી ભીષણ ગરમીને પગલે દિવસના તાપમાનનો પારો વધી રહ્યો છે. પરંતુ તેની સાથે સાથે રાત્રીનો તાપમાનનો પારો પણ વધી રહ્યો છે. જેને પરિણામે મધ્યરાત્રી સુધી પણ ઠંડકનો અનુભવ થતો નથી. જોકે હવામાન વિભાગે તો રાત્રીના ૧૦ કલાક સુધી લઘુત્તમ તાપમાન ૪૦ ડીગ્રી જેટલું નોંધાશે. જ્યારે વહેલી સવાર સુધી લઘુત્તમ તાપમાનનો પારો નીચે નહી ઉતરતા ૩૩ ડીગ્રી જેટલો રહેતા નગરવાસીઓને ઠંડક લાગતી જ નથી.

છેલ્લા ૪૫ દિવસથી ગરમી ૪૦ ડીગ્રીથી વધારે પડી રહી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સનસ્ટ્રોકનો ભોગ લોકો બને નહી તે માટે એસટી બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, વાણીજ્ય એકમો, બગીચા સહિતના જાહેરસ્થળોએ જ્યાં લોકોની અવર જવર વધારે રહેતી હોય ત્યાં ઓઆરએસના પેકેટનું વિતરણનો આદેશ કર્યો હતો. જેને પરિણામે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ૭૧૪૨ અને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા ૮૬૯૮ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

છેલ્લા એક સપ્તાહથી નગરના આકાશમાંથી અગનવર્ષાને પગલે ઘર, ઓફિસ, દુકાનો સહિતમાં પંખા, કુલર અને એ.સી. સતત ચાલી રહેતા વીજ વપરાશમાં ચાર ગણો વધારો થઇ ગયો હોવાનું વીજ કંપનીના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે. ગાંધીનગરના શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં એસી, કુલર સામાન્ય બાબત થઇ ગઇ છે. જિલ્લાના શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ સોલાર સિસ્ટમ મકાનની છત ઉપર લગાવી હોવાથી વીજ કંપની માટે ફાયદાકારક બની રહી છે. જોકે ગરમીને કારણે ઘર, ઓફિસ અને દુકાનોમાં લગાવેલા એસી., કુલર, પંખા સતત ચાલુ રહેતાં લાઇટ સ્ટ્રીપ થવાના પણ કિસ્સા વધી રહ્યા છે.

### પીરાણાની દરગાહમાં તોડી પાડેલ

# ઇમામશા બાવા તેમજ અન્ય સુફી સંતોની કબરોને પુનઃસ્થાપિત કરવા માંગણી

પાટનગર સંદેશ
ઈરફાન મલેક, ખેડા

અમદાવાદ નજીક પીરાણા ખાતે આવેલ ઈમામશાબાવા રોજા સંસ્થામાં આવેલ સુફી સંતોની કબરોને તોડી નાખવાના કથિત કૃત્યમાં સંડોવાયેલા સામે પગલા લેવા તેમજ તોડી નાખેલ કબરોને પુનઃ સ્થાપિત કરવાની માગણી કરતું ચિશ્તીયા ફાઉન્ડેશન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.



ચિશ્તીયા ફાઉન્ડેશનના પ્રમુખ સોહીલભાઈ વહોરાએ કલેક્ટરને આપેલ આવેદન પત્રમાં જણાવ્યું છે કે અમદાવાદ નજીક પીરાણા ગામ ખાતે આવેલ ઈમામશાહબાવા રોજા સંસ્થાની જગ્યામાં તા.૭/૦૫/૨૦૨૪ ના રાત્રે ઈમામશાહબાવા, નરઅલી મોહંમદશાહબાવા તથા અન્ય સુફી સંતોની કબરો તોડીને સમથળ કરી તેનુ મુળ સ્વરૂપ બદલીને સમાધીમાં ફેરવવામાં આવી હોવાનો સોશીયલ મિડીયામાં કથિત વિડિયો વાયરલ થયો હતો.

ખેડા જિલ્લામાં રહેતા સમસ્ત મુસ્લિમ સમાજ માટે પીરાણાની ઈમામશાહબાવાની દરગાહ ૬૦૦ વર્ષોથી મુસ્લીમ ધાર્મિક સ્થળ તરીકે શ્રધ્ધાનુ કેન્દ્ર છે. નુરશાહબાવાની દરગાહ પણ પીરાણા મુકામે ઈમામશાહબાવા ની દરગાહની બાજુમાં જ આવેલી છે. પરંતુ પાછલા બે અઢી વર્ષ પહેલા ઈમામશાહબાવા રોજા સંસ્થાના ટ્રસ્ટી હર્ષદ પટેલ તેમજ અન્ય કેટલાક ટ્રસ્ટીઓએ મળીને ઈમામશાહબાવાની દરગાહને દિવાલ બનાવીને નુરશાહ બાવાની દરગાહ - ઈમામશાહી મસ્જીદ તથા તાજીયાનો ઈમામવાડો અલગ કરી દીધા છે. જે બાબતે પણ અગાઉ ત્યાં વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. હાલમાં જે ટ્રસ્ટીઓએ ઈમામશાહબાવા રોજા સંસ્થામાં આવેલ કબરો તોડીને સમાધી બનાવવાનુ કથિત કૃત્ય કચ્છી પટેલ સમાજના ટ્રસ્ટી હર્ષદ પટેલ તેમજ અન્ય લોકો દ્વારા કરવામાં આવતા સમગ્ર મુસ્લીમ સમુદાયના લોકો અને ઈમામશાહબાવા રોજા (દરગાહ) માં આસ્થા રાખનાર હજારો સતપંથી સમાજના લોકોની ધાર્મિક લાગણી દુભાઈ છે. ત્યારે સૂફી સંતોની કબરો તોડી નાખવાનું કૃત્ય કરનાર તત્વો સામે કાયદેસરના પગલા ભરવા તેમજ ઈમામશાહબાવા તથા અન્ય સુફી સંતોની કબરોને તેના મુળ સ્વરૂપમાં વહેલી તકે પુનઃ સ્થાપિત કરવા આવેદનપત્ર આપી માગણી કરી છે.

## *આજનો વિચાર*

સમયનો સદુપયોગ કરવો હોય તો જે આપણને ખોટા સમજે છે તેવા વ્યક્તિ સામે ક્યારેય સારા થવા ના જશો... ખોટી ચિંતા કરવાની જગ્યાએ ભગવાનનું મનન ચિંતન કરો વહાલા રાધે રાધે

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

### હવે દર્દીએ સારવાર માટે વધુ રાહ નહીં જોવી પડે, ઝડપથી સેટલ થશે હેલ્થ ઈન્સ્યોરન્સ

હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમમાં થતા વિલંબને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકાર દ્વારા સિંગલ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમની પ્રક્રિયાને ઝડપી બનાવવા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાના હેતુ સાથે એક પોર્ટલ શરૂ કરવામાં આવશે. જેનો લાભ દર્દીઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ અને હોસ્પિટલોને થશે.

ઈન્સ્યોરન્સ ક્લેમની ઝડપી પતાવટ માટે નેશનલ હેલ્થ ક્લેમ્સ એક્સચેન્જ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. આ વન પોર્ટલની સાથે દેશની આશરે ૫૦ ઈન્સ્યોરન્સ કંપનીઓ અને ૨૫૦ મોટી હોસ્પિટલ પણ જોડાશે. ઈફ્છેંને અગાઉ અનેક ફરિયાદો મળી છે કે, હેલ્થ ઈન્સ્યોરન્સ માટેનો ક્લેમ દર્દી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થવાની ઘડી આવી જાય તો પણ સેટલ થતો નથી. આ સમસ્યાને ધ્યાનમાં લેતાં નેશનલ હેલ્થ ઓથોરિટીએ આ પોર્ટલ તૈયાર કર્યું છે.

જો પોર્ટલ સફળ રહ્યુ તો દેશની હેલ્થ ઈન્સ્યોરન્સ ઈકોસિસ્ટમમાં મોટો ફેરફાર આવશે. હાલ એક હોસ્પિટલને પોતાની વેબસાઈટ પર ૫૦થી વધુ વીમા કંપનીઓના ક્લેમ તૈયાર કરવાની પ્રોસેસ કરવી પડે છે. જેમાં હોસ્પિટલમાં દાખલ દર્દી જુદી-જુદી ઈન્સ્યોરન્સ કંપનીઓ સાથે જોડાયેલા હોવાથી તે કંપનીઓની વેબસાઈટ પર દર્દીના ક્લેમની પ્રોસેસ કરવાની હોય છે. જેના માટે તમામ હોસ્પિટલોએ વિવિધ કંપનીઓની વેબસાઈટ સાથે જોડાયેલા રહેવુ પડે છે.

### 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અને 'સાંદીપનિ સાહિત્ય પર્વ'ના સંયુક્ત ઉપક્રમે

# તા. ૧૨/૫/૨૪ ને રવિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે ★એક દિવસીય સાહિત્ય લેખન શિબિરનું આયોજન★ કરવામાં આવ્યું હતું.



આ શિબિરમાં ગુજરાતભરમાંથી બસ્સો જેટલાં સર્જકો, સાહિત્યરસિકો અને જિજ્ઞાસુઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. સાહિત્ય લેખન શિબિરમાં સૌપ્રથમ સાંદીપનિ પર્વના સંચાલિકાશ્રીમતિ કિરણબેન શર્માએહૃદયના ભાવથી સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સંચાલક શ્રી અમિત ટેલરે સૌને કાર્યક્રમની રૂપરેખાથી અને આયોજનથી માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ સાંદીપનિ સાહિત્ય પર્વના મુખ્ય સંયોજક ડૉ. હર્ષદ લશ્કરીએ આ શિબિરના હેતુ અને જરૂરિયાત બાબતે ચિંતનાત્મક વાતો કરી પ્રકાશ પાડ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી શ્રી યોગેશ જોશી સાહેબે સૌને આવકાર આપ્યો હતો અને ગુજરાતી સાહિત્ય પરિષદ વિશે સૌ સર્જકો અને ભાવકોને માહિતગાર કર્યા હતાં.

શિબિરમાં બે વિભાગ હતાં, જેમાં ગદ્ય અને પદ્યના વિવિધ સ્વરુપો વિશે તજજ્ઞ સાહિત્યકાર મારફત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ સુશ્રી શીતલ માલાણીએ'સ્ક્રીપ્ટ લેખનના પ્રકાર' વિશે અને પોતાના અનુભવની શિબિરાર્થી સમક્ષ વાત કરી હતી. ત્યારબાદ પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. બીજાં વક્તા તરીકે શ્રી જયંત ડાંગોદરા સાહેબે 'ગીત, ગઝલ, છંદ, લય' વિશે સરળ ભાષાશૈલીમાં સૌ શિબિરાર્થીઓને માહિતગાર કર્યા હતાં. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદમાં ચાલતાં વિવિધ કાર્યક્રમો વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ સૌ માર્ગદર્શકોએ, શિબિરાર્થીઓએ અને ભાવકોએ પોતાની રુચિ પ્રમાણે સ્વાદિષ્ટ ભોજન લીધું હતું.

ભોજન બાદ ત્રીજા વક્તા તરીકે ★શ્રી સમીર ભટ્ટ સાહેબે★ 'અછાંદસ કવિતા લેખનકાર્ય' વિશે શિબિરાર્થી સાથે ગોષ્ઠિ કરી પોતાની આગવી શૈલીમાં સદ્રષ્ટાંત સમજૂતી આપી હતી. સૌની સાથે ચર્ચા વિચારણા પણ કરી હતી. ચોથા વક્તા તરીકે શ્રી ★ડૉ. કેશુભાઈ દેસાઈ સાહેબે★ 'ગદ્યલેખન રીત' વિશે સૌ શિબિરાર્થીને જાણકારી આપી હતી. તેમણે નવલકથાના લક્ષણો અને સ્વરૂપની આરંભથી અંત સુધીની સફર કરાવી હતી.

શિબિરના અંતે સૌ મુખ્ય એવા ★રા.વિ.પાઠક સભાગૃહમાં★ એકત્રિત થયાં હતાં. ત્યાં સાહિત્યના ક્ષેત્રમાં વિદ્વાન એવાં ★શ્રી રાઘવજી માધડ સાહેબે★ પોતાના અનુભવો અને પ્રતિભાવ રજૂ કરેલ હતા. તેમણે લઘુનવલ વિશે ખૂબ સુંદર માહિતી આપી હતી. તેમણે અસરકારક લઘુનવલ લખવા માટેની રીત શીખવી હતી. ત્યારબાદ દરેક શિબિરાર્થી પાસેથી પ્રતિભાવ પણ લેવામાં આવ્યા હતાં.

દરેક શિબિરાર્થીઓને પ્રમાણપત્ર તથા આમંત્રિત મહેમાનોને યોગ્ય સન્માન સાથે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

સમગ્ર શિબિરના સફળ આયોજન અને સંચાલન તથા સૌને સંતોષકારક સાહિત્ય શિક્ષણ મળ્યા બદલ મુખ્ય સંયોજક શ્રી ડૉ.હર્ષદભાઈ લશ્કરી સાહેબે સંયોજક એવાં કિરણબેન શર્મા ' પ્રકાશ', જગદીશભાઈ રથવી 'સ્નેહબંસી', કૌશલ મોદી 'કુંજ', નિશા નાયક 'પગલી', અમિત ટેલર 'કાચબો', તરલીકાબેન 'તત્ત્વમસિ', હાર્દિક પરમાર 'મહાદેવ'ની પ્રશંસનીય કામગીરી બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો અને સૌ માર્ગદર્શકોનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના અંતે સૌ હાઈ ટી લઈને આનંદની અનુભૂતિ સાથે છૂટાં પડ્યાં હતાં.

★સાંદિપની સાહિત્ય પર્વ★

# બે હજાર ચોવીસની ચૂંટણી જીતવાનું લાઇવ બ્રેઇન સ્ટ્રોમિંગ એટલે દિમાગનું દહીકરણ!

' હવે, લોકસભાની ચૂંટણી ગાજી રહી છે.હવે ગાફેલ રહેવાનું પાલવશે નહીં. સાપ કાંચળી ઉતારે તેમ આળસ કે પ્રમાદ ઉતારી નાંખો. પાર્થને કહો ચડાવે બાણ હવે તો ચૂંટણી એ જ કલ્યાણ!' એક નેતાએ જુસ્સો કે પાનો ચડાવ્યો.

' સર, એક સવાલ છે?' કાર્યકરે નિશાળિયા જેમ આંગળી ઊંચી કરી સવાલ પૂછવાની અનુમતિ માંગી.

' બોલો, બબુચકભાઇ, તમારે શું પૂછવાનું છે?'નેતાએ સવાલ કર્યો.

' સર તમે તમારા લેકચરમાં કોઇ પાર્થનું નામ બોલ્યા. એ આપણી પાર્ટીનો છે કે સામેની પાર્ટીનો? એમને ટિકિટ આપવાનું નક્કી છે? સાહેબ, આ તો આપે એમનું નામ લીધું એટલે મેં કું કે પૂછી લઉં!'બબુચકે તેનો પુઅર સવાલ પૂછતા પૂછી નાંખ્યો.

' જુઓ બબુચકજી, એ કંઇ પાર્ટીનો છે એ મહત્વનું નથી. મહાભારતના યુધ્ધ સમયે પાંડવોની પાર્ટીમાં હતો. અત્યારે કંઇ પાર્ટીમાં છે તેની તેને પણ ખબર નથી. જરૂર પડયે આપણી પાર્ટીના લોન્ડ્રી મશીનમાં દૂધ જેવો ધોઇ કાઢીશું કે તમે દાગ ઢૂંઢતે રહ જાઓગે! નેતાએ કોન્ફિડન્સથી જવાબ આપ્યો!

મોટા હોલમાં હકડેઠઠ ભીડ હતી. લાંબા ઘૂંઘરાળા કર્લી હેર વાળા, સિગારેટ ચૂસવાન લીધે હોઠ કાળા પડી ગયેલ, ફ્રેંચ કટ દાઢીવાળા અને આંખો પર થોથર ચડી ગયેલ હોય તેવા નિસ્તેજ અને નિર્વિર્ય ઈન્ટેલિકચ્યુઅલ લેપટોપ લઇને આવેલ. તેમણે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન કર્યુ. જેમાં જાતજાતના નકશા,પ્રોજેકટેડ ફિગરના ડેટા, પાઇપ ચાર્ટ, કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ, એક ટકો મત ફંગોળાઇ તો પાર્ટીને કેટલો ફાયદો કે નુકસાન થાય તે હાઇકમાન્ડને સમજાવતા હતા!ચા નાસ્તો કોલ્ડ ડ્રિંક્સ સર્વ થતા હતા.

' જુવો , આપણે બે હજાર ચોવીસની ચૂંટણી જીતવાની છે, શું સમજ્યા?' ખુદને વિશ્વ વલ્લેભ માનતા નેતાઓ જયજયકાર વચ્ચે પ્રવેશ કરી ટેલિપ્રોમ્પ્ટરની મદદથી ભાષણ કરતાં કહ્યું.

' સાહેબ, આપણે સતા પર છીએ. પ્રજા આપણને મત આપે તેના કરતાં પણ વધારે મતોથી પ્રચંડ બહુમતીથી જીતીશું. કેમ કે, ઈલ્કશન પંચ, ઈલેકટોરેટ અને ઈવીએમ આપણી પાસે છે. છેવટે ધાંધલી કરીને પણ જીતીશું ' વક્રદ્રષ્ટા અંસંતુષ્ટ નેતાએ કહ્યું. બીજા ભક્તોએ તેને અહિંસક ગાલિપ્રદાન, વેજિટેરિયન ધોલધપાટ કરી પરાણે બેસાડી દીધો. આ પધ્ધતિએ આપણે વિપક્ષી ઉમેદવારોને ચૂંટણીમાં બેસાડી દઇએ છીએ!સભાપતિએ સૌને સભાનું ડેકોરમ અને પાર્ટીની ગરિમા જાળવવા અનુરોધ કર્યો. સૌ શાંત થયા!

'ચૂંટણી જીતવા કંઇ સ્ટ્રેટેજી અપનાવવી જોઈએ?' સભાપતિએ કાર્યક્રમને સવાલ કર્યો.

' સર, અય્યયો! કિતને સીટ જીતને કા ટાર્ગેટ તય કિયા હૈ?' એક સાઇથ ઈન્ડ્યિન સ્વામીએ ટૂટીફૂટી હિન્દીમાં પૂછયું.

' આપણે ત્રણસો સિતેર. ઠગબંધન સોરી ગઠબંધનમાં ચાર સો!' પક્ષ પ્રમુખે જવાબ આપ્યો.

' બહોત કમ હૈ જી! બાકી કી સીટો કા આચાર ડાલેંગે ? હમે ટાર્ગેટ રીલુક કરના જી. ' ટીપીકલ સાઉથ ઈન્ડિયન ઈડલીસંભાર કવેરી આવી.

' ભાલો. ખૂબ ભાલો. આમી પૂરી સંસદ કી સીટ જીતને કા ટાર્ગેટ રાખો. ગવર્ન્મેન્ટમે ચાંદલિયા ચાહિયે તો તોપ માંગને કા!' બેંગોલી શુભેન્દુ અધિકારી નહીં પણ શુભેન્દુ ક્લાર્ક બોલ્યા!

' હમે ઈલેકનવા જીતબા પીકે કો હાયર ગરબા. સસુર ઝન્ડવા હૈ!' રવિ કિશન જેવા ભોજપુરી બોલ્યા!

' કૌન પીકે? પૂરી ફિલ્મમે નેતા કી તરહ નંગા ધૂમમાં હૈ. ટ્રાન્ઝિસ્ટર રેડિયો ઢંક કર ઈજ્જત બચાતા હૈ?

' નહીં નહીં પીકે એટલે પ્રશાંત કિશોર. ચૂંટણી સ્ટ્રેટ્જિસ્ટ છે. ભલભલાને ધૂળ ચાટતા કરી દે છે!' એક બિહારીએ બિહારીના ગુણગાન ગાયા!

' સાંભળ્યું છે તે એણે દુકાન બંધ કરી દીધી છે. એને ચૂંટણીનો ચસ્કોમસ્કો લાગ્યો છે. જનસભા, યાત્રા વગેરે કાઢે છે. લોઢાને કાટ લાગે તેમ પીકેને રાજ મને લાગ્યો ચૂંટણીનો રંગ જેવું થયું છે!

' આપણે ગરીબોને પાંચ કિલો મફત રેશન આપીએ છીએ તે બંધ કરી દઈએ.' એક કાર્યકરે સૂચન કર્યુ.

' તું કંઇ પાર્ટીનો જાસૂસ છે? આવા વિઘાતક સજેશન કરે છે. પાર્ટીને પાછી બે સીટના દોરમાં લઇ જવી છે!'પ્રમુખે કાર્યકરને ધમકાવ્યો. ગદારને ગોલી મારોના નારા બુલંદ થયા! સિકયોરિટી આવીને ગદારને સભા સ્થળેથી બહાર લઇ ગઇ.

' આપણે વિકસિત ભારતનું તૂત ચલાવ્યું. હવે, અતિવિકસિત ભારતન સંકલ્પ યાત્રા ચલાવીએ.' એક યાત્રાજીવીએ સૂચન કર્યું !

'આપણે વિકસિત ભારતના નામે એંશી કરોડ લોકોને મફત રેશન આપવાનો પ્રચાર કર્યો. દસ કરોડ ઉજ્જવલા ગેસ, તેર કરોડ નલ સે જલના દાવા ચગાવ્યા. પરંતું, કોઇ વિકસિત રાષ્ટ્ર નાગરિકોને એસી કે કાર આપે કે મફત રેશન, ગેસ સિલિન્ડર, નળ આપવાનો સંકલ્પ કરે?' એક કાર્યકરે જમીની હકીકત બ્યાન કરી!

' બાતમે દમ તો હૈ બરખુદાર!' બધાએ માથું ખંજવાળી સહમતિ વ્યક્ત કરી!

' આપણે પેજ પ્રમુખ સુધી બુથોનું માઈક્રોલેવલ પ્લાન કરેલ છે. હવે વોટર દીઠ સિંગલ વોટર પ્રમુખ નીમવાનું રાખીએ તો આપણને આપણી સિવાય કોઇ હરાવી ન શકે!' એકે સરસ સૂચન કર્યું.

' માનનીય કાર્યકરજી તમારું સૂચન વન્ડરફૂલ છે.પાંસઠ કરોડ મતદાર લેખે પાંસઠ કરોડ કાર્યકર્તાને સિંગલ વોટર પ્રમુખ તરીકે નિમણૂક આપવી પડે. આટલી સંખ્યામાં પાર્ટીમાં કાર્યકર્તા કયાં છે? ગણીને બાર તેર કરોડ કાર્યકર્તા છે!' પ્રમુખે નિરાશા વ્યક્ત કરી.

' આપણે ઉમેદવારોને ટિકિટ મેળવવા માટે મિનિમમ પાંચ કરોડ રૂપિયા આપવા આદેશ કરીએ' પાછું વિવાદાસ્પદ અને તોફાની સૂચન થયું.

' પેલા ભાઉનું માઇક બંધ કરો. અલ્યા, આ વાત વાઇરલ થઇ જાય તો આપણી ખટિયા ખડી હો જાયેંગી. ઓલરેડી આપણે એમ જ કરીએ છીએ!' ઈલેકશન કમિટીના મહાસચિવે પેપર ફોડ્યું !

' માય ડિયર ફ્રેન્ડઝ, ઈલેકશનમાં ઝળહળતી અને વિપક્ષો માટે બળબળતી ફતેહ મેળવવા એક જ કામ કરવાનું છે' પ્રમુખ સાહેબે સંબોધન કર્યું.

' તમે યાદી બનાવવા માંડો.' પ્રમુખે કહ્યું.

' આપણે વોટર લિસ્ટ ડોનર લિસ્ટ , વિપક્ષી નેતા ખરીદી લિસ્ટ વગેરે તો બનાવીએ જ છીએ' કાર્યકરોએ કોરસમાં કલબલાટ કર્યો!

' અરે, એવું લિસ્ટ નહીં. ચૂંટણી જીતવા બીજી કોઇ બ્લુપ્રિન્ટ, રોડમેપ,માસ્ટપપ્લાન બનાવવાની જરૂર નથી. રૂપિયા વેડફવાની જરૂર નથી. ' પ્રમુખે કહ્યું.

હેંએ હેએ!' કાર્યકરોનો આશ્ચર્યજનક પ્રતિભાવ.

' હવે આપણે નેતા ખરીદ કરવા પડશે નહીં. આ માસ્ટર સ્ટ્રોકથી માખી જેમ ગોળની ભેલી તરફ બણબણતી આવે તેમ નાનાનાના પક્ષો આપણી સાથે એલાયન્સ કરશે!' ભરપૂર વિશ્વાસ સાથે પ્રમુખે કહ્યું!

' અમારે કેવા પ્રકારનું લિસ્ટ બનાવવાનું છે?' કાર્યકરોએ પૂછ્યું.

' કંઇ જાતિના કયા પક્ષના નેતાને તેના યોગદાન વિના કે યોગદાન ધ્યાને લઈને ભારત રત્ન આપી શકાય તેની યાદી બનાવી સરકારને સબમિટ કરો.ભારત રત્ન રૂપી વાછરડીની પૂંછડી પકડી ચૂંટણીની વૈતરણી તરી જવાની છે' પ્રમુખે બ્લાઇન્ડ ગેમના કાર્ડઝ ઓપન કર્યા.

તમે માનશો? સ્થળ પર જ યાદી તૈયાર થઇ ગઇ.

સૂચિત ભારત રત્ન મેળવનારની યાદીની ઝલક જોવી છે?

પ્રસુતત છે ભારત રત્ન આપવા માટેની યાદી-રતુભાઈ અદાણી,ઉછરંગરાય ઢેબરે ,મહર્ષિ દયાનંદ સરસ્વતી , જલારામ બાપા, જેસલતોરલ, રામ દે પીર,સતાધારના પાડાપીર,રવિશંકર મહારાજ સૌરાષ્ટ્રનો સિંહ છેલભાઈ દવે,કેશુ બાપા, શંકરસિંહ વાઘેલા, કરમશી મકવાણા, બાલાસાહેબ ઠાકરે, યશનંતરાય ચૌહેણ, નું.સ. ખાંડે, હાસ્યકાર શરદ જોશી, પુસ્તક, ન્યાયમૂર્તિ રાનડે. બાલાજી પેશ્વા, કાન્હડ દે, સાંઇબાબા, છત્રપતિ શિવાજી મહારાજ, ગુરુ સમર્થ રામદાસ , તિરુવલુવર, પેરિયાર નાંબુદ્રીપાદ. કરૂણાનિધિ, રજનીકાંત..જ્યોતિ બસુ, વિધાસાગર, રાજા રામમોહન રાય,બાબુ જગજીવન રામ, કાંશીરામ, એનડી તિવારી, અકબર ઓવૈશી, હાજી મસ્તાન, છોટા રાજન, અરુણ ગવળી , દાઉદ ઈબ્રાહિમ

આભાર - નિહારીકા રવિયા , ગોવિંદ વલ્લભ પંત, હનુમાનજી મહારાજ, વિષ્ણુના તમામ અવતાર, ગૌતમ બુધ્ધ, મહાવીર સ્વામી, ગુરુ નાનકજી, સંત કબીર શબરી મા,પ્રકાશસિંહ બાદલ. એક નામ રહી જાય છે. જેમના મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો પોલિટિકલ હાઇ વોલ્ટેજ ડ્રામા કમ ઇવેન્ટ કર્યો એવા પ્રભુ રામને પણ ભારત રત્ન આપી અબજો મત મેળવવાની અપાર સંભાવના છે! કોઇ નામ રહી ગયું હોય તો ઉમેરવાની આઝાદી છે!

ભરત વૈષ્ણવ

# આજની વાંચનયાત્રા

એક રાજાનો મંત્રી ભગવાનનો ભક્ત હતો. ગમે તે વાત હોય, તો તે કહેતો કે 'ભગવાનની બહુ મોટી કૃપા છે.' એક દિવસે રાજાના પુત્રનું મૃત્યુ થઈ ગયું. મંત્રીએ કહ્યું, 'ભગવાનની મોટી કૃપા છે.'

રાજાને ગુસ્સો આવ્યો પરંતુ એ વખતે તે ચૂપ રહ્યો. એકવાર તલવારથી રાજાની આંગળી કપાઈ ગઈ. મંત્રીએ ફરી કહ્યું, 'ભગવાનની મોટી કૃપા છે.' રાજાએ ગુસ્સામાં મંત્રીને રાજ્યની બહાર કાઢી મૂક્યો.

એક વખત રાજા જંગલમાં શિકાર કરવા ગયા, તો એકલા પડી ગયા. ડાકુઓની ટોળકીએ રાજાને પકડી લીધા અને કાલી માતા સામે બલિ ચડાવવા લઈ ગયા. બલિ આપતાં પહેલાં ડાકુઓનાં પુરોહિતે પૂછ્યું, 'શું તમારો પુત્ર જીવિત છે?'

રાજાએ કહ્યું, 'ના.'

તો પુરોહિતે કહ્યું, 'આનું તો હૃદય બળેલું છે, આની બલિ કેવી રીતે આપી શકાય?'

ડાકુઓએ કહ્યું, 'બની શકે કે આ મરવાના ડરે ખોટું બોલતો હોય.' ત્યારે પુરોહિતે રાજાનાં અંગોની તપાસ કરી તો આંગળી કપાયેલી જોઈ. પુરોહિત કહ્યું, 'આના અંગ ભંગછે, તેની બલિ ન આપી શકાય. તેને છોડી દો.'

ત્યારબાદ રાજાને પેલા મંત્રીની યાદ આવી, જે કહેતો હતો કે ઈશ્વરની મોટી કૃપા છે. રાજાએ મંત્રીને શોધી લાવવા ફરમાન કર્યું, કારણ કે તેને એ વાત સમજાઈ ગઈ કે જે કંઈ થાય છે તે સારા માટે જ થાય છે.

સંકલન - પારેખ લાલજીભાઈ
સંસ્કારતીર્થ શૈક્ષણિક સંકુલ,
નિલકંઠ વિદ્યાલય, બોટાદ.
મો - ૯૯૭૪૧ ૫૭૭૭૪

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ૧૦૦ જેટલા યુવા વિદ્યાર્થીઓની કર્ગિસ્તાન રાષ્ટ્રમાં સલામતી અને સુરક્ષા માટે વિદેશ મંત્રાલય સાથે પરામર્શ અંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમારને સુચનાઓ આપી છે

કર્ગિસ્તાનમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાઓ થવાની વધી રહેલી ઘટનાને પગલે ગુજરાતના સુરત શહેર-જિલ્લાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમના સંતાનોની સુરક્ષા-સલામતી માટે રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમારને કર્ગિસ્તાનમાં ફસાયેલા ગુજરાતના વિદ્યાર્થીઓની સલામતી માટે યોગ્ય સંકલન કરવા જણાવ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને કર્ગિસ્તાનના રાજદૂતાવાસનો સંપર્ક કરીને આ વિદ્યાર્થીઓને સલામત વતન પરત લાવવાની વ્યવસ્થાઓની વિગતો મેળવી હતી.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કર્ગિસ્તાનમાં મેડિકલ અને અન્ય ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત સહિત ભારતના ૧૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ વસેલા છે.

કર્ગિસ્તાનમાં સ્થિત ભારતીય રાજદૂતાવાસ ત્યાંની યુનિવર્સિટીઝ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે અને ભારતીય વિદ્યાર્થીઓની સલામતી માટે યોગ્ય વ્યવસ્થાઓ કરવા તેમને જણાવાયું છે.

એટલું જ નહીં, કર્ગિસ્તાનમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓ રાજદૂતાવાસનાં સંપર્કમાં રહીને તેમની વિગતો આપી શકે તે માટે બે હેલ્પલાઈન નંબર ૦૫૫૭૧૦૦૪૧ અને ૦૫૫૦૦૫૫૩૮ પણ ૨૪૮૭ કાર્યરત કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓના પરિવારોને વિનંતી કરવામાં આવી છે કે, કેટલાક તત્વો દ્વારા હુમલાઓ અંગે ફેલાવવામાં આવતી અફવાઓ પર ધ્યાન ન આપે.

ત્યાંની પ્રવર્તમાન સ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસીસ શરૂ થયા છે. એટલું જ નહીં, શૈક્ષણિક સત્ર પૂર્ણ થવાના આરે હોવાથી વિદ્યાર્થીઓને વતન પરત આવવા એરલાઇન્સ ઓપરેશન્સ પણ કાર્યરત છે.

રાજ્ય સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓની સંપૂર્ણ સલામતી અને સુરક્ષા માટે ધ્યાન કેન્દ્રિત કરેલું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વહીવટી તંત્ર આ વિદ્યાર્થીઓની સલામતી માટે સંકલન કરી રહ્યું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS.231**
વિષય : મારી સહેલગાહ
શીર્ષક.: કેદારનાથ
લેખિકા : સુચી રાવલ
શબ્દો :.૨૭૫

થોડી સમજણ આવી ત્યારે એક મન મા વિચાર કર્યો કે એક વાર કેદારનાથ જાવ છે અને વિચાર મારા દિલ નું સ્વપ્ન બની ગયો એ એટલો મજબૂત હતો કે મારા મોબાઈલ ના સ્ક્રીન મા પણ એજ ફોટો મૂકી દીધો .પણ ઘર અને બાળકો ની જવાબદારી જ એટલી બધી કે આ સ્વપ્ન પૂરું કેમ થાય? એકવાર હું મારી સહેલી નયના મોલ મા મળ્યા ને એમજ વાત થઈ કે એ કેદારનાથ જાય છે.એને મને પૂછ્યું તારે આવવું છે સુચી ? ઓહ! હું તો વિચારતી જ રહી ગઈ .એકસામટા કઈ કેટલા વિચાર આવવા લાગ્યા ઘર કોણ સાચવશે બાળકો નું શું, ઘરેથી પરમિશન મળશે કે કેમ..છતાં પણ હિંમત કરી ને સંદીપ ને પૂછ્યું હું જાવ? ને ઈશ્વર ની ઈચ્છા હોય એમ એને તરતજ હા પાડી જવા માટે.હવે વારો હતો બાળકો નો દીકરી આસ્થા સાસરે હતી દીકરાની જોબ બન્ને એ જવા માટે તો હા પાડી પણ આસ્થા ની જીદ હતી કે તને એકલી ના જવા દવ હું પણ જોડે આવું છું.એ પણ તૈયાર થઈ ગઈ ત્યાં પાર્થ(જમાઈ) આસ્થા ને એકલી મોકલવા માટે મન માનતું નહોતું.ચિંતા હતી કે બન્ને ને એકલા આવી યાત્રા પર કેમ મોકલાય બસ પછી તો કહે ને, "કારવા બઢતા ગયા" એકજ રાત મા બધું નક્કી થઈ ગયું અને સમાન પેક કરી ને નીકળી ગયા અમે ટોટલ અગિયાર લોકો . નયના નું ફેમિલી .હું આસ્થા અને પાર્થ. ઘણી બધી મુશ્કેલી પસાર કરી ત્યાં સુધી પોહચવા માં ત્યાં પોહચી ને તબિયત બી બગડી ગઈ હતી ઘણા બધા ની પણ એક વાત નો આનંદ હતો કે ઈશ્વરે મારું સ્વપ્ન પૂરું કર્યું મિત્રો સ્વપ્ન જોવો દિલથી જોવો ઈશ્વર એક વાર એ જરૂર પુરા કરે છે .. લેખિકા સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'મારી સહેલગા '
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ''૨૦૨૨ ની અમરનાથ યાત્રા'' (અક્ષરો :- ૩૧૦)(શબ્દો ૧૨૦)

હિમગિરિના શિખરે, અમૃત આપતો અમરનાથ,
ગિરડુંગરેથી સંઘ ચાલ્યો, જવા દર્શને અમરનાથ.

બર્ફિલા પહાડો, બર્ફીલા દેવ, ને દોડતી વહે ગંગા,
અંજલિ ભરો અમૃત આપે, જગનો જોગી અમરનાથ.

પંચતરણી પાવન ધારે, જાણે ધરતી પર સ્વર્ગ ઉતર્યું,
જ્યાં વસે શેષનાગ, ને રક્ષા કરે હરિહર અમરનાથ.

કઠિન હોય ડગર કે, હોય પથ ડુંગરનો પથરાળ,
મનમાં એકજ પ્રણ લીધું, જલ્દી પહોંચું અમરનાથ.

નથી પરવા અમોને, કે ભલે હોય તોફાની પવન,
મનની મક્કમતા એટલીજ કે, દર્શ દે અમરનાથ.

એક બીજાનો હાથ જાલી, મનમાં ધરી શ્રધ્ધા, વિશ્વાસ,
પહાડો પડકારતા, શિવ નામ રટતા, જવું અમરનાથ.

પહેલગામનો પહેલો પડાવ, હવે નથી દૂર મંજિલ,
તરસ્યાને દે પાણી, ને ભૂખ્યાને અન્ન દે અમરનાથ.

જીવન ધ્યેય એકજ, તું શિવ ચરણે સર્વસ્વ ધરીદે,
'સ્વજન' સાથે કદમ મિલવો, કૃપા કરે અમરનાથ.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા. ' સ્વજન ' જૂનાગઢ

# ગણપત યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝની શોધ-સંશોધન ક્ષેત્રે અનેરી સિદ્ધિ

ભોપાલની ટાગોર યુનિવર્સિટી દ્વારા આયોજિત " ધી ઈન્ટરનેશનલ રિસર્ચ એન્ડ ઈનોવેશન કોન્ફરન્સ - શોધ શિખર - ૨૦૨૪માં ગણપત યુનિવર્સિટીએ જીત્યા આઠ ઈનામો !



" ડેવલોપ્ડ ઈન્ડિયા - ન્યુ ઈન્ડિયા"ના થીમ ઉપર તાજેતરમાં ભોપાલની રવીન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટીએ વૈશ્વિક કક્ષાના બે દિવસના એક ઈવેન્ટનું આયોજન કર્યું હતું જેનું નામ હતું - " ઈન્ટરનેશનલ રિસર્ચ એન્ડ ઈનોવેશન કોન્ફરન્સ - શોધ શિખર ભોપાલ. "

આ ઈન્ટરનેશનલ રિસર્ચ એન્ડ ઈનોવેશન કોન્ફરન્સમાં ગણપત યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર્સ અને સ્ટુડન્ટ્સ દ્વારા આઠ ઈનામો હાંસલ કરવાની નોંધપાત્ર સિદ્ધિ દાખવવામાં આવી હતી.

ગણપત યુનિવર્સિટીના ત્રણ ફેકલ્ટી મેમ્બર્સ અને ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ આ " શોધ શિખર - ૨૦૨૪ નામના વૈશ્વિક અવસરમાં ભાગ લીધો હતો.

ગણપત યુનિવર્સિટીએ " નવનિમાણી " રિસર્ચ પ્રોજેક્ટસ કોમ્પિટિશનમાં તેર રિસર્ચ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા તો આઠ રીસર્ચ પ્રોજેક્ટસ " અનુશોધન " ઈન્ટરનેશનલ રિસર્ચ પેપર્સ કોમ્પિટિશનમાં રજૂ કર્યા હતા.

ગણપત યુનિવર્સિટી એ ત્રણ પ્રથમ ઈનામ " અનુશોધન " શ્રેણીમાં અને પાંચ ઈનામો રિસર્ચ પેપર શ્રેણી " નવનિર્માણી"માં પ્રાપ્ત કર્યા હતા.

" નવનિર્માણી "શ્રેણીમાં રિસર્ચ પ્રોજેક્ટ " નેચર્સ ડિફેન્સ ડિલાઈટ : મેડિસિનલ ચોકલેટ્સ ઈન્ફ્યુઝ્ડ વિથ નેચરલ ઈનગ્રેડિયન્ટ્સ ટુ ફાઈટ અગેન્સ્ટ મેજર ડિસિઝ " ને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું જે રિસર્ચ પ્રોજેક્ટ વિદ્યાર્થી શ્રી અખિલ દિનેશ નાયરે રજૂ કર્યો હતો અને તેના માર્ગદર્શક ( મેન્ટર )હતા ડો. કૃતિ દવે. આ શ્રેણીમાં જ " સાઈન લેંગ્વેજ રેકગ્નિશન" અને " ગન ડ્રોન " પ્રોજેક્ટને બીજુ ઈનામ પ્રાપ્ત થયું હતું જે અનુક્રમે વિદ્યાર્થીઓ પિનાક આર પંચાલ અને શિવમ કે જાનીએ ડો. અમિત સુથાર અને ડો. મેઘના પટેલના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો તો " ગન ડ્રોન " વિષયનો પ્રોજેક્ટ જેહાન એમ. પટેલે પ્રોફેસર શ્રી નિલેશ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યો હતો જેને બીજું ઈનામ પ્રાપ્ત થયું હતું.

એ જ રીતે

"અનુશોધન "શ્રેણીમાં દેવર્ષિ પટેલ અને યશ ચૌહાણે ડોક્ટર મેઘના પટેલ અને પ્રોફેસર ધવલ રાવલના માર્ગદર્શનમાં રજૂ કરેલા રિસર્ચ પ્રોજેક્ટ " અ કટીંગ એજ મશીન ર્લનિંગ મોડેલ ફોર ક્રાઉડ સર્વેઈલન્સ યુઝિંગ રૂૅન્દ્દ૮ " તેમજ ત્રણ ફેકલ્ટી મેમ્બર્સ ડો. સુરજ શાહ, ડો. પ્રિયંકા પાઠક અને પ્રો. ડો. મહેન્દ્ર શર્માના સંયુક્ત રિસર્ચ પેપર " એમ્પાવરિંગ રૂરલ ગુજરાત : એસેસિંગ ધ ઈમ્પેક્ટ ઑફ પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભ્યાન " ને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું.

ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટ જનરલ ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ડાયરેક્ટર ડૉ.શ્રી અજય ગુપ્તા, યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર ડો. શ્રી ગિરીશ પટેલે આ અવસરે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને એમની જ્વલંત સફળતાને અનુલક્ષીને ખૂબ ખૂબ ધન્યવાદ અને શુભકામનાઓ પાઠવ્યાં હતાં. ખાસ પ્રકારના શૈક્ષણિક અને સંશોધન લક્ષી અભ્યાસક્રમો પૂરા પાડી ગણપત યુનિવર્સિટી એક રિસર્ચ આધારિત ઈકો સિસ્ટમ વિકસાવાની પૂરી કોશિશ કરી રહી છે.

રિન્યુએબલ એનર્જી, ક્લીન વોટર, ટ્રાન્સપોર્ટેશન, હેલ્થ કેર, એન્વાયરમેન્ટ અને વેસ્ટ મેનેજમેન્ટ જેવી વ્યાપક સમસ્યાઓનો સમાજને ઉકેલ મળે તે માટે ટેકનોલોજીની મદદ વડે વિદ્યાર્થીઓ સંશોધન કરે એ માટે પણ યુનિવર્સિટી પ્રયત્નશીલ છે.



આપડા ગ્રુપ નું ગૌરવ એવા હિન્દી,ઉર્દૂ સાહિત્ય,મુશાયરા ના વિખ્યાત ગઝલકાર,ગીતકાર,કાર્યક્રમ શ્રેષ્ઠ સંચાલક શ્રી સતીન દેસાઈ તેમજ દીપ્તિ દેસાઈ તેમના જીવન ના હર્યા ભર્યા સુખ દુઃખ ની જીવન સફર ના આજે ૪૮ વરસ પૂર્ણ કરીને ૪૯ માં વરસ માં પ્રવેશ કરી રહ્યા છે.ચાલીસ વરસ ના સમાજિક વનવાસ બાદ છેલ્લા ૮ વરસ ના તેમની જીવન સફર ના દીપ્તિ ગુરુ વર્ણન વિશે તેઓ નો સંવાદ અદભુત પ્રેરણાદાયી....ગ્રુપ ના સૌ સભ્યો વતી શેષ જીવન સફર આનંદ દાયક.આરોગ્યપ્રદ,સંગીતમય અને સતત ગઝલ ગાયકી માં પ્રવૃત્ત રહે તેવી શુભકામનાઓ.... ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહીત્ય સરિતા ગ્રુપ સંચાલક : પ્રદીપ રાવલ

# મોટી રાજકીય વગ ધરાવતા અને ગૌચરની જમીન કબ્જે કરી તળાવ કરનારા વિનોદ પટેલ ઉર્ફે સ્વામી સામે કાર્યવાહી ક્યારે....?

ચાણસ્મા નજીક ઘણો ઘરડા પાસે શનિ મંદિર ની આજુબાજુ ગોચર માં જ દબાણ કરી લાખો ટન માટીનું બારોબારીયું કરી ગૌ શાળા બનાવી કહેવાતા ગૌભકત બની ગૌચર વિકાશ બોર્ડ ગાંધીનગર દ્વારા સન્માનીત થઈ લોકોની આંખો માં ધૂળ ઉડાતા જોવા મળ્યા છે ત્યારે ઘાણો ઘરડા ના જાગ્રૃત નાગરીકો દ્વારા ગૌચર ખાલી કરાવવા અને બે ખેડૂતો ની જમીન પચાવી પાડ્યા ની રજૂઆતો ક્લેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ કરાતાં તંત્ર દ્વારા વિનોદ સ્વામિ ઉર્ફે વિનોદભાઈ પટેલ સામે રાજકીય વગ નું મજબૂત કવચ હોવાથી કોઈ જ કાર્યવાહી નહી કરાતો ધાણો ઘરડા ના ભોગ બનનાર ખેડૂતો અને વિનોદ ભાઈ પટેલ ઉર્ફે સ્વામી સામે રજૂ આત કરનાર જાગૃત નાગરીકો તંત્ર પ્રત્યે ઉદાસીનતા સાથે ઉગ્ર અસંતોષ વ્યક્ત કરતા જોવા મળી રહ્યા છે ઉલ્લેખનીય છે કે ઘાણો ઘરડા ઝિલીયા વચ્ચે હાઈવે રોડ ને અડી ને આવેલી અને ધાણો ઘરડા ની ગ્રામ પંચાયતમાં આવતી ગૌચર વાળી જમીન સર્વે નં.૮૧૩ વાળી જમીન ને ખોદી નાખી પોતાના ફાર્મ હાઉસમાં સિંચાઇ માટે તલાવડું બનાવી દઈ લાખો ટન માટી ઉલેચી ગે.કા. કામ કરજ્ઞયાનું ધાણો ઘરડાના જાગૃત નાગરીકો નાં ધ્યાને આવતા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો કરાઈ હોવાનું જાગૃત નાગરીકો એ જણાવ્યું હતું.

# હીટવેવ વચ્ચે લૂ લાગવાથી થનાર મૃત્યુમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ રીસ્પોન્સ ફંડ અન્વયે ૪ લાખ રૂપિયા તાત્કાલીક સહાય ચૂકવવા કોંગ્રેસ પક્ષની મુખ્યમંત્રી સમક્ષ માંગ.

લૂ લાગવાથી ાનાર મૃત્યુમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ રીસ્પોન્સ ફંડ અન્વયે ૪ લાખ રૂપિયા તાત્કાલીક સહાય ચૂકવવા મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અસહ્ય તાપમાન (હીટવેવ) ના કારણે લૂ લાગવાથી સૂર્ય તાપથી ચામડી બળી જવી સહિત કુદરતી આપત્તીની ઘટના વિશેષ જોવા મળી રહી છે. જેમાં ઘણા બધા રાજ્યોમાં નાગરિકો જીવ ગુમાવી રહ્યાં છે. અનેક બિમારીનો ભોગ બની રહ્યાં છે. ગંભીર રીતે હોસ્પીટલમાં દાખલ થઈ રહ્યાં છે. લૂ લાગવાથી બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો વિશેષ ભોગ બની રહ્યાં છે. ગુજરાતમાં પણ, હીટવેવ ના કારણે લૂ લાગવી (જેહ જંીી), ચામડી બળીજવી અને ઝાડા-ઉલટી સહિત ચક્કર આવવાના બનાવો મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યાં છે. જેમાં સતત ઉમેરો થતો જાય છે.

ભારે ગરમી એટલે કે ૪૫ થી ૪૭ ડીગ્રી ધોમધખતા હીટવેવથી સમગ્ર ગુજરાત ભારે હાલાકીનો સામનો કરી રહ્યું છે ત્યારે, લૂ લાગવા (હીટવેવ) ગુજરાતમાં જે નાગરિકોએ જીવ ગુમાવ્યાં છે તેઓને સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફંડ (જીઙ્ઘઈહ્લ) માંથી મૃત્યુ પામનારના પરિવારને ૪ લાખ રૂપિયાની નાણાંકીય સહાય ચુકવવા કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સમક્ષ માંગ કરી છે કારણ કે હીટવેવ પણ કુદરતી આપદા છે.



આપણા ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહીત્ય સરિતા ગ્રુપ ના અમદાવાદ સ્થિત સન્માનીય સભ્ય શ્રી.પરેશભાઈ પાઠક અને રેખાબેન પરેશભાઈ પાઠક તેમના લગ્ન જીવન સફર ના ૩૭ વર્ષ પૂર્ણ કરી આજે ૩૮ માં વરસ માં પ્રવેશ કરી રહ્યા છે.ગ્રુપ ના સૌ સભ્યો વતી.શેષ જીવન ની આરોગ્યપ્રદ,સફળ જીવન સફર ની શુભેચ્છાઓ પાઠવીએ છીએ....તંત્રી,સંચાલક : પ્રદીપ રાવલ




તા.૨૩-૫-૨૦૨૪ ગુરુવારે બુધ્ધ પૂર્ણિમાના દિવસે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજહરિદ્વાર ના ગૃહે ગૃહે ગાયત્રીયજ્ઞ અભિયાન અંતર્ગત સમર્થ એવં શક્તિશાળી રાષ્ટ્ર હેતુ તેમજ મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ઘરતી ઉપર સ્વર્ગનું અવતરણ હેતુ ગાયત્રીયજ્ઞનું આયોજન ગાયત્રી મંત્રોચ્ચારો દ્વારા સૌને સદ્ બુધ્ધિ ઉજજવળ ભવિષ્ય નિરામય જીવની પ્રાપ્તિ થાય તે ઉદ્દેશથી મનોદિવ્યાંગ બાળકોમાં કૌશલ્ય વર્ધન તથા સ્વસ્થ શરીરની પ્રાપ્તિ થાય તે હેતુ સ્મિત ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ,અખબાર નગર સર્કલ નજીક,નવાવાડજ વિસ્તારમાં અને વાત્સલ્ય સિનીયર સીટીઝન હોમના સ્થાપના દિન અને વડીલોને નિરામય જીવનની પ્રાપ્તિ હેતુ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ,એક્યુપ્રેશર સારવાર જૂના વાડજ સર્કલ નજીક સવારે ૧૦-૦૦ વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સહયોગથી તથા મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે દર્દીઓના સ્વસ્થ આરોગ્યપ્રદ પ્રાપ્ત થાય તે હેતુ બપોર બાદ ૩-૩૦ વાગે ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા તથા દિવસ દરમ્યાન પરિજનોએ તેમના તેમજ અન્ય પરિચિતોના ગૃહે ગાયત્રીયજ્ઞ યોજવામાં આવ્યા હતા.

# ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામ ખાતે ત્રી દિવસીય સમર કેમ્પ યોજાયો

: આહવા:

પ્રકૃતિ, સંસ્કૃતિ, અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ રચતા ડાંગ જિલ્લાના વાસુરણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામના સંસ્થાપક બ્રહ્મવાદિની હેતલ દીદીના સાનિધ્યમાં ત્રી દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૭ થી ૧૯ મે-૨૦૨૪ ના રોજ વાસુરણા ખાતે આવેલ તેજસ્વિની સંસ્કૃતિ ધામમાં આ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાપક બ્રહ્મવાદિની હેતલ દીદીના માર્ગદર્શન હેઠળ વિધ્યાર્થીઓને સેવા, સત્સંગ,



સંસ્કાર, રીત-રીવાજ, રમત, રસમ, ગરબા, ગપ-સપ, ગીતમય યોગ, સૂર્યનમસ્કાર, વાણી, વર્તનને લગતી વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

કેમ્પમાં આચાર્ય શ્રી કેતન દાદા, નિમીષા દીદી, ધનસુખભાઇ, કરણભાઇ, પરેશભાઇ, હેતલબેન, સુધાબા તેમજ હરીભાઈએ વિધ્યાર્થીઓને જુદી-જુદી પ્રવૃતિઓ કરાવી હતી.

# તા.૨૧મી મે "આતંકવાદ વિરોધી દિવસ" નિમિત્તે ડાંગના કર્મયોગીઓએ આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરવાના શપથ લીધા

: આહવા:

તારીખ ૨૧ મે "આતંકવાદ વિરોધી દિવસ" નિમિત્તે ડાંગ જિલ્લાના વહીવટી તંત્રના વડા શ્રી મહેશ પટેલ સહિત જિલ્લાના તમામ કર્મયોગીઓએ આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરવાના શપથ લીધા હતાં. ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તારીખ ૨૧ મેના દિવસને "આતંકવાદ વિરોધી દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. ત્યારે આજરોજ ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, અધિક નિવાસી કલેક્કટર શ્રી બી.બી.ચૌધરીની આગેવાની હેઠળ જિલ્લા સેવા સદન ખાતે મહેસુલી અધિકારી, કર્મચારીઓએ આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરવાના શપથ લીધા હતાં. ડાંગ જિલ્લાની અન્ય સરકારી કચેરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તમામ કર્મયોગીઓએ તારીખ ૨૧મી મે "આતંકવાદ વિરોધી દિવસ" નિમિત્તે દેશ તેમજ આપણી આજુબાજુ થતી આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરવાના શપથ લીધા હતાં.

### પાટણ પંથકમાં અભયમે ટીમે

# બાળલગ્ન અટકાવ્યાં, દિકરી પૂખ્ત ન થાય ત્યાં સુધી તેનાં લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી

પાટણ પંથકમાં એક સ્થળે બાળલગ્ન થતાં હોવાની




જાણ થતાં પાટણની મહિલા અભયમ હેલ્પલાઈન ૧૮૧ ની ટીમે સ્થળ પર જઈને સગીર કન્યાનાં માતા પિતાને સમજાવીને લગ્ન અટકાવ્યાં હતા.આ અંગેની વિગતો એવી છે કે, પાટણ પંથકનાં એક જાગૃત વ્યક્તિએ પાટણની ૧૮૧ વાનને જાણ કરી પોતાના ગામમાં બાળ લગ્ન થતાં હોવાનું જણાવી તેને અટકાવવા માટે કહેતાં પાટણની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરતાં એક સગીર દિકરીનાં લગ્ન થઈ રહ્યા હતા, આથી તેમણે પાટણ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીને જાણ કરી હતી. તથા દિકરીનાં માતા પિતા અને સમાજનાં આગેવાનો અને તેમનાં સાસરિયાઓનું ટીમે કાઉન્સેલીંગ કર્યુ હતું. તેઓને બાળલગ્ન કરવા એ ગુનો છે અને દિકરીને હાલમા ભણવાની ઉમર હોવાથી તેને ભણાવીને તેનું ભવિષ્ય બનાવવા અને તે પુખ્ત વયની ન થાય ત્યાં સુધી તેનાં લગ્ન ન કરવા સમજાવતાં દિકરીનાં પરિવારજનોએ હાલમાં દિકરીનાં લગ્ન મોકુફ રાખીને જયાં સુધી દિકરી પૂખ્ત ન થાય ત્યાં સુધી તેનાં લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આમ કરીને ટીમે બાળલગ્ન અટકાવીને ગામમાં દાખલો બેસાડયો હતો.

# વિજાપુરના વડાસણમાં બીપીએલની યાદીમાં સર્વે વિના જ ૫૬ નામ દાખલ

વિજાપુરના વડાસણ ગામે ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોનો સર્વે કર્યા સિવાય ૫૬ જેટલા નામ બારોબાર દાખલ કરી નાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરી સમગ્ર મામલે રિ-સર્વે કરી તપાસ કરવા માટે ગામના યુવકે જિલ્લા કલેકટરને લેખિત ફરિયાદ કરી છે.વડાસણ ગામે ૦થી ૨૦ની બીપીએલ લાભાર્થીની યાદીનો સર્વે ૨૦૦૨ના વર્ષ બાદ કરાયો ન હોવા છતાં ૨૦૦૭માં ૩૭ અને ૨૦૧૩ના વર્ષમાં ૧૯ નવા નામ બીપીએલ લાભાર્થી યાદીમાં દાખલ કરાયાં છે. કોઈપણ જાતના સર્વે કર્યા વિના દાખલ કરાયેલા ૫૬ નામ અંગે ફરીથી સર્વે કરાવી તપાસ કરવા માટે ગામના યુવક મુકેશસિંહ કે. વિહોલ દ્વારા વિજાપુર મામલતદારથી લઈ જિલ્લા કલેક્ટરને ઈમેલ કરી લેખિત ફરિયાદ કરવામાં આવી છે. અધૂરામાં પૂરું, મુકેશસિંહના કહેવા મુજબ, ગામમાં ગ્રામ પંચાયત પાસે પણ નવી યાદી જ નથી. નવી યાદી અપાય અને યોગ્ય કાર્યવાહી કરી જરૂરિયાત લોકોના નામ દાખલ કરવામાં આવે તો સરકારી યોજનાનો લાભ લાભાર્થીઓને મળી શકે.

# રાજ્યના દિવ્યાંગ બાળકોએ મેળવી સિદ્ધિ

મોડાસા ; ૨૨ મે : પ્રતિભા કોઈની મોહતાજ નથી આ વાકય ને ગુજરાત ના ૯ દિવ્યાંગ બાળકો એ ચરિતાર્થ કર્યું છે. હરિદ્વાર ના શાંતિકુંજ દ્વારા વિશ્વ ભર માં લેવાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા માં દેશ અને વિદેશ થી ધોરણ ૧ થી ૧૨ સુધીના ૫૦ લાખ થી વધુ બાળકો ભાગ લીધો હતો. આ બાળકો પૈકી ૩ રાજ્ય ના ૧૨૫ પ્રવિણ બાળકોનું ચયન રાષ્ટ્રીય સ્તરે થયું . જેમાં દરેક રાજ્યો પૈકી આવેલા બાળકો ને તીર્થ નગરી હરિદ્વાર ખાતે વિશેષ સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્ય ના ૭૦ બાળકોનું સન્માન હરિદ્વાર ખાતે ગાયત્રી વિદ્યાલયના ચેરમેન શૈફાલી પંડ્યા એ કર્યું. આ બાળકોમાં સામાન્ય બાળકો ૭૦ તથા ૯ દિવ્યાંગ બાળકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ જાણકારી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા વિભાગ ના દિવ્યાંગ વિભાગ કન્વીનર હેમાંગીનીબેન દેસાઈએ કરી હતી. આ બાળકો માં રાજયના ૬ જિલ્લાના ૯ બાળકોમાં પ્રથમ ક્રમે અરવલ્લીના મોડાસાનો મૂકબધિર રુદ્ર પ્રભુદાસ , સુરત નો અંધ વિદ્યાર્થી કરણ દિગંબરરાય ભગત , અપંગ વિદ્યાર્થી સાક્ષી સુનીલભાઈ સીહ બીજા ક્રમે વલસાડનો નરેશ,સુરતની ધ્રુવી .ઝાંઝવેરા , સુરતની મૈત્રી ,તૃતીય ક્રમે સુરત નીલ. ગાંધી,




ભાવનગરના હસમુખ. સોજિત્રા, સુરતના બિપીન શર્મા આવ્યા છે. હેમાંગીનીબેન દેસાઈના અનુસાર સમગ્ર વિશ્વમાં ગુજરાત માત્ર રાજ્ય છે જ્યાંના દિવ્યાંગ બાળકો આ પરીક્ષા માં ભાગ લે છે તેમજ ૨૦૧૦ થી અત્યાર સુધીમાં ૬૦૦૦ થી વધુ દિવ્યાંગ બાળકો એ આ પરીક્ષા માં ભાગ લીધો છે. આ પ્રસંગે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર પ્રમુખ શૈલબાળા પંડ્યાજી એ આ બાળકોને આશીર્વાદ પાઠવ્યા છે.

# મોડાસાના કોલીખડની સીમમાં ભાઈ-ભાઈ વચ્ચે ખેલાયો ખૂની ખેલ, ખેત મજૂર ભાઈની હત્યા કરી હત્યારો ભાઈ ફરાર

## છોટા ઉદેપુર જીલ્લાના સુરકાલ ગામના બંને ભાઈ કોલીખડ ખેતરમાં ભાગીયા તરીકે ખેત મજૂરી કરતા હતા, હત્યાનો કારણ અકબંધ




અરવલ્લી જીલ્લામાં એક મહિનામાં ત્રણ હત્યાના બનાવ બનતા ભારે ચકચાર મચી છે મોડાસા તાલુકાના કોલીખડ ગામમાં એક ખેડૂતના ખેતરમાં ભાગીયા તરીકે રહેતા છોટાઉદેપુરના સુરકાલ ગામના બે ભાઈ વચ્ચે અગમ્ય કારણોસર ઝગડો થતાં નાના ભાઈએ મોટા ભાઈને લાકડી ના ઘા ઝીકી હત્યા કરી ફરાર થઈ જતા સનસનાટી મચી હતી ખેતર માલિકે ટાઉન પોલીસને જાણ કરતા તાબડતોડ સ્થળ પર પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા પ્રાપ્ત માહિતી અનુસાર,કોલીખડ ગામના નિકુંજભાઈ માવજીભાઈ પટેલના ડુંગરી વાળા ખેતરમાં છોટાઉદેપુર જીલ્લાના પાવી જેતપુર તાલુકાના સુરકાલ ગામના બકાભાઈ સબુરભાઈ નાયકા અને લાલાભાઈ સબુરભાઈ નાયકા નામના ભાઈઓ ભાગીયા તરીકે ખેતરમાં ખેતમજૂરી કરી જીવનનિર્વાહ ચલાવતા હતા મંગળવારે રાત્રિના ૮ વાગ્યાના સુમારે બંને ભાઈઓ વચ્ચે ઝગડો થયા બાદ જાણે લાલા નાયકાના માથે ઝનૂન સવાર થયું હોય તેમ તેના ભાઈ પર લાકડી વડે તૂટી પડતા બકાભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોચતા સ્થળ પર પ્રાણ પંખેરું ઉડી ગયું હતું લાલા નાયકાના હાથે તેના ભાઈની હત્યા થતાં ફરાર થઈ ગયો હતો ઘટનાની જાણ ખેતર માલિક નિકુંજ પટેલ સહિત અન્ય ખેડૂતો થતાં સ્થળ પર દોડી આવ્યા હતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ઉચ્ચ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શ્રમિક મજૂર ભાઈએ ભાઈની હત્યા કરી દેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી હતી

મોડાસા ટાઉન પોલીસે કોલીખડના ખેતર માલિક નિકુંજકુમાર માવજીભાઈ પટેલની ફરિયાદના આધારે લાલા સબૂરભાઈ નાયકા (રહે,સુરકાલ-છોટાઉદેપુર)સામે હત્યાનો ગુન્હો નોંધી હત્યારાને ઝડપી પાડવા જુદી-જુદી ટીમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો

# મોડાસા શહેરના ફાઈનાન્સ કર્મીની બાઈક ચોરી કરી ચોર શાસ્ત્રી મેદાનમાં મૂકી આવ્યો,નેત્રમ ટીમે બાઈક શોધી આપી

## નેત્રમની ટીમે બિનવારસી બાઇક શોધી હાશકારો માન્યો પરંતુ બાઈક ચોર કોણની ચર્ચા ચારેકોર

મોડાસા શહેર સહિત અરવલ્લી જીલ્લામાં નેત્રમ કેમેરાથી અનેક ગુન્હાનો ભેદ ઉકેલવામાં જીલ્લા પોલીસતંત્ર સફળ રહ્યું છે મોડાસા શહેરના માલપુર રોડ પર આઈટીઆઈની સામે માઈક્રો ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા કર્મીની બાઈક ચોરી થતાં હોંફાળો ફોંફળો બન્યો હતો નેત્રમ શાખાનો સંપર્ક કરતા નેત્રમની ટીમે શહેરમાં લાગેલ નેત્રમ કેમેરા ફંફોસી બાઈક ચોર માલપુર રોડ પર બાઇક લઈ ચાલતો જોવા મળતાં નેત્રમ ટીમે બાઈક માલિક સાથે તપાસ કરતા શાસ્ત્રી મેદાનમાંથી બાઈક બિનવારસી હાલતમાં મળી આવતા નેત્રમ ટીમ અને ફાઈનાન્સ કર્મીએ હાશકારો અનુભવ્યો હતો




અરવલ્લી જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પીએસઆઈ જયદીપ ચૌધરી અને તેમની ટીમ મોડાસા શહેરમાં નેત્રમ કેમેરા રેર્કોડિંગનું એનાલિસિસ કરી ફાઈનાન્સ કર્મીની બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઝડપથી ઉકેલી નાખ્યો હતો મોડાસા શહેરના માલપુર રોડ પર આઈટીઆઈ સામે માઈક્રો ફાઈનાન્સ કંપનીમાં ફરજ બજાવતા ભાથીસિંહ મોહનસિંહ ચૌહાણની ઓફીસ નીચે પાર્કિંગ કરી હતી સાંજે નોકરી પૂરી થતાં પાર્કિંગમાં બાઈક જોવા ન મળતા આજુબાજુ તપાસ કરતા બાઈકનો અત્તોપત્તો ન મળતા બાઈક ચોરી થઈ હોવાનો અહેસાસ થતાં તાબડતોડ નેત્રમ શાખામાં પહોચી બાઈક ચોરી થયાનું જણાવતાં નેત્રમની ટીમે મોડાસા શહેરના માલપુર રોડ સહિત સમગ્ર શહેરમાં લાગેલ નેત્રમ સીસીટીવી કેમેરા રેર્કોડિંગ એનાલિસિસ કરી કરતા બાઈક ચોર ચોરીની બાઈક સહયોગ ચોકડી તરફ દોરતો દોરતો જતો હોવાનું જોવા મળતા નેત્રમ ટીમ બાઈક માલિક સાથે સાઈ મંદિર નજીક તપાસ હાથધરતા બાઈક શાસ્ત્રી મેદાનમાં ચોર બિન વારસી હાલતમાં મૂકીને ફરાર થઈ જતા રૂ.૫૦ હજારની બાઈક પરત મળી આવતા ફાઈનાન્સ કર્મીએ નેત્રમ શાખાની ટીમ સહિત અરવલ્લી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો

# ગુજરાતમાં ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા અને ૨ જિલ્લા પંચાયત, ૭ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણીનો ધમધમાટ



ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પડઘમ શાંત થયા છે, ત્યારે ગુજરાતમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં રાજયની ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત અને ૭૦૦૦ ગ્રામ પંચાયતોની છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી ચૂંટણી યોજાય તેવા સંકેત મળી રહ્યા છે.આ માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા આગામી બે મહિનામાં તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે.

સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, લોકસભાના પરિણામો ભાજપ માટે સારા આવ્યા તો તાત્કાલિક ધોરણે આ ચૂંટણીની જાહેરાત કરી દેવાશે, નહીં તો બે થી ત્રણ મહિના ચૂંટણી પાછળ ખેંચવામાં આવી શકે છે. રાજ્યની ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી વહીવટદાર તરીકે તલાટી ભૂમિકા ભજવી રહ્યા છે. ગામનું સંચાલન તલાટીના માથે આવી પડ્યું છે. ચૂંટણી નહીં યોજાવાના કારણે ગામડાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે.

આ ઉપરાંત, તલાટી પાસે એક થી વધુ ગામના ચાર્જ હોવાથી કામનું ભારણ વધારે હોય છે, ત્યારે તલાટી એક ગામમાં રહીને સમસ્યાઓને ન્યાય આપી શકતો નથી. આવા સંજોગોમાં વહીવટદાર રાજ ખતમ થાય અને વહેલાસર ચૂંટણી યોજાય તે જરૂરી છે.છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી આ ચૂંટણી હાલ તો આગામી નવરાત્રી દરમિયાન યોજાય તેવા સંકેત છે. રાજ્યની ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત તેમજ ૭૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. ગત ઓગષ્ટ મહિનામાં નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.એસ.ઝવેરી પંચના રિપોર્ટ બાદ ઓબીસી અનામત ૨૭ ટકા કરવાની જાહેરાત ગત ઓગષ્ટ મહિનામાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી.

ઝવેર કમિશનના રિપોર્ટ અનુસાર, ગ્રામીણ વિસ્તારે પરુ ને શહેરી વિસ્તારમાં ૪૬.૪૩ ટકા ઓબીસી સમાજની વસ્તી છે તેને અનુલક્ષીને ઓબીસી સમાજ માટે અનામત બેઠકો જિલ્લા પંચાયતોમાં ૧૦૫ થી વધીને ૨૨૯ અને ૨૪૮ થી વધીને ૧,૦૮૫, રાજયની કુલ ૧૪૫૬૨ ગ્રામ પંચાયતોમાં ૧૨,૭૫૦ થી વધીને ૨૫૩૪૭ બેઠકો એ જ રીતે નગરપાલિકામાં પણ મોટાપાયે બેઠકો વધી રહી છે.જેમાં અનામત વર્ગીકરણની કાર્યવાહી પૂરી કરવાની સાથે નવી મતદાર યાદી તૈયાર કરવામાં આવશે અને મતદાર મંડળો રચાશે. નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે ગ્રામ્ય સ્તરનું સંગઠન મહત્ત્વની ભૂમિકા અદા કરતું હોય છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં કોઈ પક્ષ સીધો ભાગ લેતું નથી પણ તે પોતાના સમર્થકોને ટેકો જાહેર કરતા હોય છે.

# અમદાવાદમાં રેકોર્ડબ્રેક ગરમી, છેલ્લા સાત વર્ષના મે મહિનાની સૌથી વધુ ગરમી

અમદાવાદ,તા.૨૩

સમગ્ર ગુજરાત હીટવેવની ઝપટમાં આવ્યુંછે. ગુજરાતના અનેક શહેરોમાં છેલ્લા ચાર દિવસથી લગાતાર ગરમીનો પારો ૪૪ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. ગુજરાતમાં રાત્રીનું તાપમાન પણ વિક્રમજનક ઉચે નોંધાઈ રહ્યું છે. સાથોસાથ ભેજનું પ્રમાણ નહીંવત કહેવાય તેટલું નોંધાતા અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.ગરમીના પારાની વાત કરીએ તો સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં નોંધાઈ છે. સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૫.૪ ડિગ્રીએ પહોચી ગયો છે. જે સામાન્ય તાપમાન કરતા ૨.૯ ડિગ્રી વધુ નોંધાયું છે.અમદાવાદમાં છેલ્લા



સાત વર્ષના મે મહિનામાં ના નોંધાઈ હોય એટલી ગરમી આજે નોંધાઈ છે. અમદાવાદ શહેરમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પાર થયો છે. અમદાવાદ શહેરમાં આજનું મહત્તમ તાપમાન ૪૫.૨ ડિગ્રી નોંધાયું છે. તો બીજી બાજુ અમદાવાદ એરપોર્ટ ઉપર મુકવામાં આવેલ તાપમાન માપક યંત્રમાં ગરમીનો પારો ૪૬.૮ ડિગ્રીએ પહોચ્યો છે.અમરેલીમાં પણ તાપમાનનો પારો સામાન્ય કરતા ૪.૨ ડિગ્રી વધુ એટલે કે, ૪૫ ડિગ્રીએ પહોચતા અમરેલી ગરમીમાં ઘગઘગી ઉઠ્યું છે. વડોદરા શહેરમાં પણ મહત્તમ તાપમાનનો પારો ૪૪.૨ ડિગ્રીએ પહોચ્યો છે. જે સામાન્ય કરતા ૪.૩ ડિગ્રી વધુ છે. ભૂજ શહેરમાં તાપમાન ૪૨.૬ ડિગ્રી નોંધાયુંછે. તો ભાવનગરમાં ૪૩.૮ ડિગ્રી ગરમી નોંધાઈ છે.રાજ્યના સૌથી હરિયાળા શહેર તરીકે ગણાતા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ અટક્યો છે. જે સામાન્ય કરતા ૨.૭ ડિગ્રી વધુ છે. રાજકોટમાં ૪૩.૭ ડિગ્રી ગરમી નોંધાઈ છે.ગુજરાતના ચાર શહેરમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોચ્યો છે, તો ચાર શહેરમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર થયો છે. જ્યારે સાત શહેરમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર થયો છે. રાત્રીના તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં લઘુત્તમ તાપમાનનો પારો ૩૦.૬ ડિગ્રીએ સ્થિર થયો હતો. જે સામાન્ય કરતા ૨.૭ ડિગ્રી વધુ તાપમાન નોંધાયું હતું. સવારે ૮.૩૦ કલાકે ભેજનું પ્રમાણ ૪૩ ટકા નોંધાયું હતું.અમરેલીમાં રાત્રીનુ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયું હતું. વડોદરામાં ૩૦.૪ ડિગ્રી, ભાવનગરમાં ૨૯.૭ ડિગ્રી, ભૂજમાં ૨૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. છોટા ઉદેપુરમાં ૨૮.૫ ડિગ્રી, દાહોજમાં ૩૦.૮ ડિગ્રી, ડીસામાં ૨૮.૨ ડિગ્રી તાપમાન રાત્રીએ નોંધાયું હતું.ગાંધીનગરમાં રાત્રીના લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી, જામનગરમાં ૨૭.૪ ડિગ્રી, નલિયામાં ૨૭ ડિગ્રી, પોરબંદરમાં ૨૭.૨ ડિગ્રી, રાજકોટમાં ૨૪.૮ ડિગ્રી, સુરતમાં ૨૯.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૨૯ ડિગ્રી તાપમાન રાત્રીએ નોંધાયું હતું.

# જાયન્ટ્સ મહેસાણા સહિયર દ્વારા નિઃશુલ્ક આયુર્વેદિક ચેકઅપ યોજાયો







**જાયન્ટ્સ મહેસાણા સહિયર દ્વારા તારીખ ૨૨ મે ૨૦૨૪ને બુધવારના રોજ ટહુકો પાર્ટી પ્લોટની સામે નીલકંઠ મહાદેવના મંદિરે આયુર્વેદિક ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જરૂરીયાતમંદોને નિઃશુલ્ક દવા આપવામાં કરવામાં આવી હતી. ૯૦ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો અને બહોળી સંખ્યામાં અન્ય લોકોએ આરોગ્યલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું.આ કાર્યક્રમમાં જા. પિ. ફા. ના ઝોન ડાયરેક્ટર રોહિણીબેન મોદી, પ્રમુખ નિરૂપાબેન પટેલ, મંત્રી અલ્પાબેન સથવારા તથા મોટી સંખ્યામાં ગ્રુપની સહિયર બહેનોએ હાજર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.